**અમરાઈવાડી પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર**

ફોન નંબર ૦૭૯-૨૨૭૭૦૨૮૦

ફેક્સ નંબર .............. E-mail :polstn-amrai-ahd

## પ્રેસનોટ
## વાડજ પોલીસ સ્ટેશનનો રીક્ષા ચોરીનો ભેદ ઉકેલતી અમરાઇવાડી પોલીસ

મે.પો.કમી.શ્રી અ'વાદ શહેર તથા અધીક પો.કમી. શ્રી સેક્ટર-૨ સાહેબની સુચનાથી ના.પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી "આઇ" ડીવીજન સાહેબ નાઓએ ખુન,ધાડ,ઘરફોડ ચોરી,વાહન ચોરી જેવા ગંભીર ગુનાઓમાં વોન્ટેડ આરોપીઓ પકડવા આપેલ સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર આર.ટી.ઉદાવત સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ. ડી.એચ.મકવાણા તથા સર્વેલન્સ સ્કોર્ડના બીજા સ્ટાફનાં માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન અમરાઇવાડી ન્યુકોટન ચાર રસ્તા ખાતે આવતા સાથેના **પો.કો.મહેન્દ્રસિંહ જગતસિંહ તથા પો.કો.ભાવેશભાઇ રામદાસભાઇ** નાઓની સંયુકત બાતમી આધારે આરોપી **રવિકુમાર ધર્મસિંહ જાતે મકવાણા ઉ.વ.૨૫ રહે.૧૭, રૈવા આવસ ગ્રીન સીટીની બાજુમાં રામેશ્વર મંદિરબી પાછળ નિર્ણયનગર સાબરમતી અમદાવાદ શહેર હાલ રહે અમદાવાદમાં રખડતો** નાને એક ઓટોરીક્ષા જેની આગળ પાછળ RTO નંબર જોતા નંબર પ્લેટ લગાવેલ જણાતી નથી અને તેનો ચેચીસ નંબર જોતા MD2A24AY6KWB26706 તથા એન્જીન નંબર જોતા 24YWKB75469 નો લખેલ વંચાય છે જે રીક્ષાના માલીકીના કાગળો કે આર,સી.બુક તેની પાસે માંગતા ગલ્લા તલ્લા કરતો હોય કોઇ સાચી હકીકત જણાવતો ન હોય જેથી સદરી આરોપી ઇસમ રીક્ષા ચોરી અગરતો છળકપટથી મેળવી લાવેલાનો પાંકો શંક વહેમ હોયજેથી સદરી રીક્ષા કી.રૂ.૧,૦૦,૦૦૦/- ગણી શકાય તે CRPC કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબજે કરી સદરી આરોપીને વિશ્વાસમાં લઈ પુછ પરછ કરતા સદરી ઓટોરીક્ષા વાડજ નિર્ણયનગર વિમલનાથ સોસાયટી સામે સેકટર-૪ માં એક મકાન આગળથી ચોરી કરેલાની કબુલાત કરતો હોય જેથી સદરી બાબતે તપાસ કરતા આ ઓટોરીક્ષા ચોરી બાબતે વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફુર્સ્ટ ૧૫૨/૧૯ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી સદરી આરોપીને આજરોજ તા:૨૯/૦૭/૨૦૧૯ ના કલાક ૨૧/૦૦ વાગે CRPC કલમ ૪૧(૧) ડી મુજબ પકડી અટક કરી આરોપી તથા મુદ્દામાલ વાડજ પોલીસ સ્ટેશન મોકલી આપવા તજવીજ હાથ ધરેલ છે.તા.૨૯/૦૭/૨૦૧૯



કારંજ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેક્ટર ની કચેરી ,

કારંજ ભવન અમદાવાદ શહેર.

ટેલીફોન નં ૦૭૯ ૨૫૫૦૭૫૮૦ E-mail polstn –kar-ahd@gujrat.gov.in

# પ્રેસ નોટ

## ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલતી કારંજ પોલીસ

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ સાહેબ તથા મે.એ.સી.પી.શ્રી "સી" ડિવીઝનનાઓએ મિલ્કત સબંધી/વાહન ચોરી ગુના શોધી કાઢવા કરેલ સુચના આધારે કારંજ સિનીયર પો.ઇન્સ.શ્રી એફ.એમ.નાયબ સાહેબ તથા પો.ઇન્સ.શ્રી એમ.એ.તળપદા સાહેબના માર્ગદર્શન હેઠળ કારંજ પો.સ્ટેના સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ એસ.જે.ચાવડા તથા હે.કો બાબુભાઇ હોથાભાઇ બ.નં ૮૮૪૧ તથા પો.કો જયદીપસિંહ ભીખાભાઇ બ.નં-૧૩૨૦૧ તથા પો.કો ગોપાલભાઇ રમેશભાઇ બ.નં ૯૫૦૨ તથા પો.કો પંકજભાઇ ચેલાભાઇ બ.ન-૪૬૭૭ તથા પો.કો શંકરભાઇ બાબરાભાઇ બ.નં-૧૩૦૮૮ તથા લોકરક્ષક મુસ્તુફાખાન સરદારખાન બ.ન ૧૨૯૫૫ વિગેરે સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન લોકરક્ષક મુસ્તુફાખાન સરદારખાન નાઓને મળેલ બાતમી આધારે કારંજ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૦૯/૨૦૧૯ IPC કલમ ૩૭૯(એ)(૪) ,૩૨૩,૧૧૪ મુજબના ગુનામાં લુંટમાં ગયેલ ઓપ્પો કંપનીનો મો.ફોન કિ.રૂ ૫૦૦૦/- નો લુંટ કરનાર આરોપીઓ નામે (૧) આમીર ઇસરાર જાતે-શેખ ઉ.વ-૨૮ રહે- મ.નં-૯૮૧ ચાર માળીયા G.I.D.C ની સામે વટવા અમદાવાદ શહેર (૨) મોહમદઅલ્તાફ મોહમંદઅકબર જાતે-શેખ ઉ.વ-૨૮ રહે- ઇદરીશ મહોલ્લાન મદરેસાની બાજુની ગલી ચાર નંબર કબાડીની સામે પટેલનુ મેદાન દાણીલીમડા અમદાવાદ શહેર નાઓને મુદ્દામાલ સાથે તા-૨૭/૦૭/૨૦૧૯ ના રોજ પકડી પાડેલ તથા પો.કો ગોપાલભાઇ રમેશભાઇ નાઓને મળેલ બાતમી આધારે કારંજ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.ન ૧૧૦/૧૯ આઇ.પી.સી કલમ ૩૭૯ મુજબના કામે રોકડ રૂ.૨૪૦૦/- ની ચોરી કરનાર આરોપી સુરેશભાઇ કિશનભાઇ દેવીપૂજક ઉ.વ ૨૫ રહે ઇન્દીરાનગર નાછાપરા રેલ્વે સ્ટેશન પાસે કાચાછાપરા નડીયાદ તાલુકો નડીયાદ જિલ્લો ખેડા નાઓને ચોર મુદામાલ સાથે તા-૨૮/૦૭/૧૯ ના રોજ પકડી ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કાયદેસરની કાર્યવાહી કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.તા-૨૯/૦૭/૨૦૧૯



